**ડાયરેક્ટ ❤ સે**

આજે ઈચ્છા તો એવી થાય છે
કે કોઈને હેરાન-પરેશાન કરું,
પણ ખબર એ નથી પડતી
કે શાંતિથી જીવે છે કોણ ?

## જન્મદિને વધામણી



નીતિનભાઈ નારાયણભાઈ મહેરિયા
મો. ૯૯૭૯૯ ૩૬૩૯૯



હિધાન સેહુલ સોની
મો. ૯૮૭૯૪ ૨૩૦૮૦

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૩**
અવેન્જર્સ (૩ડી, હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦
અવેન્જર્સ (૩ડી, અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫

**સ્ક્રીન - ૪**
તિશાગ્નિ
૧૨.૩૦
ફેરા ફેરી હેરા ફેરી (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦
દાસ દેવ
૬.૪૫

**સ્ક્રીન - ૫**
૧૦૨ નોટ આઉટ
૨.૧૫, ૬.૧૫,
૧૦.૧૫
ઓમેર્ટા
૧૨.૧૫, ૪.૧૫,
૮.૧૫

### પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્સના બૅનર તળે દિવ્યકાન્ય વર્માના નિર્દેશનમાં

# સૅટરડે નાઈટ્સની ચોથી સિઝનનો ભવ્ય પ્રારંભ






'સૅટરડે નાઈટ્સ'ની ચોથી સિઝનનો ગાંધીનગરમાં દબદબાભેર પ્રારંભ થયો છે. વાચકોને યાદ હશે કે પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સના બૅનર તળે ગાંધીનગરના યુવા કલાકાર દિવ્યકાન્ત વર્મા દ્વારા ત્રણ વર્ષ અગાઉ સ્વર્ણિમ ગાર્ડનમાં ફુઆરા પાસે દર શનિવારે નિઃશુલ્ક મનોરંજનનો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં આ પ્રકારનો આ પ્રથમ પ્રયોગ હતો કે જેમાં દર શનિવારે કલાકારો એકત્ર થઈ લોકોને જાહેર સ્થલે નિઃશુલ્ક મનોરંજન પૂરું પાડતા હોય. આ પ્રવૃત્તિના બે ફાયદા થયા. પહેલો ફાયદો એ કે આરામની પળો માણવા ગાર્ડનમાં આવેલા નાગરિકોને ન માત્ર નિઃશુલ્ક અને મનોરંજક પરંતુ સમાજઉપયોગી કાર્યક્રમો પણ માણવા મળ્યા. અને બીજો ફાયદો એ કે નગરના કલાકારોને નવું મંચ મળ્યું, અનેક નવા કલાકારોએ આ મંચથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી. નિયમિત કલાકારો અને નિયમિત દર્શકોનું આ મનગમતું સ્થળ થઈ પડ્યું છે. આ અનોખા કાર્યક્રમ અંતર્ગત ગીત, સંગીત, નૃત્ય અને નાટકની મહેફિલો જામે છે અને એક કલાક સુધી મનોરંજનનો ભરપૂર દોર ચાલે છે. સામાન્ય રીતે ચોમાસા દરમિયાન 'સૅટરડે નાઈટ્સ'ના કાર્યક્રમો યોજાતા નથી અને બહુધા વૅકેશનના સમયમાં તથા શાળાઓ શરૂ થાય તે સમયગાળામાં યોજાય છે. આ શનિવારે સૅટરડે નાઈટ્સની ચોથી સિઝનનો પ્રારંભ કલાકારો દ્વારા મોટા પ્રેક્ષકવર્ગની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. નગરના સિનિયર અને ગુજરાત ગૌરવ ઍવોર્ડથી સન્માનિત કલાકાર અખ્તર સૈયદ અને જિજ્ઞેશ રાવલના હસ્તે દીપ પ્રાગટ્યથી આ ચોથી સિઝનનો દબદબાભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. સૅટરડે નાઈટ્સના આ ૫૪મા ઍપિસોડમાં ડાન્સ, ગીત અને નાટકની મહેફિલ જમાવવામાં આવી હતી. પોતાની આગવી પરંપરા મુજબ આ વખતે પણ નાટકનો વિષય આ કલાકારોએ જીવન ઉપયોગી રાખ્યો હતો. પોતાના ઘરથી દૂર અન્ય શહેરમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ અભ્યાસ ઉપરાંતની બાબતોમાં વધુ ધ્યાન આપે છે અને આ કારણે ન માત્ર પોતાના માતા-પિતાની મહેનતનાં નાણાં પરંતુ પોતાના જીવનને પણ બગાડે છે એ વિષય આ વખતે નાટક માટે પસંદ કરવામાં આવ્યો હતો. પ્રેક્ષકોએ નાટકને માણ્યું-વખાણ્યું હતું અને સૅટરડે નાઈટ્સની ચોથી સિઝનને હરખથી વધાવી હતી.

# '૧૦૨ નૉટ આઉટ' કલૅક્શનમાં આઉટ




ગાંધીનગર, તા.૫

અમિતાભ બચ્ચન અને રિશિ કપૂરની જોડી હિટ સાબિત નથી થઈ રહી. અમિતાભ બચ્ચન અને રિશિ કપૂરની ફિલ્મ '૧૦૨ નોટ આઉટ'એ ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર પહેલા દિવસે ૩.૫૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ફિલ્મની કમાણીને જોતા કહી શકાય કે આ ફિલ્મ પહેલા દિવસે કમાણીના મામલામાં પાછળ રહી ગઈ છે.

આ ફિલ્મ માટે રિશિ કપૂર અને અમિતાભ બચ્ચને ઘણું પ્રમોશન્સ કર્યું હતું. મીડિયા ઈવેન્ટ્સથી લઈને પબ્લિક અપીયરંસ સુધી પ્રમોશન કર્યું હતું. છતાં પણ આ ફિલ્મ પહેલા દિવસે ૫ કરોડની પણ કમાણી કરી શકી નથી. ફિલ્મમાં અમિતાભ અને રિશિ કપૂર જેવા સારા અને ફેમસ એકટર હોવા છતાં દર્શકોને થિયટરો સુધી લાવવામાં અસફળ રહ્યાં છે.

ઓએમજી ફેઈમ ઉમેશ શુક્લા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન ૧૦૨ વર્ષનાં પિતા અને રિશિ કપૂર ૭૫ વર્ષનાં પૂત્રનાં રોલમાં નજર આવે છે. આ ફિલ્મના લેખક સૌમ્ય જોષી છે. ફિલ્મ નાટક પરથી આધારિત છે નાટક મુજબ પિતા અને પૂત્રનો સ્વભાવ તદ્દન વિરુદ્ધ છે. પિતા ખુબ જ સકારાત્મક અભિગમ ધરાવે છે જ્યારે પૂત્ર ખુબજ નકારાત્મક.

### દોલત ભટ્ટની નવલકથા પર આધારિત, ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત અને સોહમ જાની દિગ્દર્શિત નાટક

# 'રાજમાતા કૈકેયી' આજે ટાઉનહૉલમાં ભજવાશે



ગાંધીનગર, તા. ૬

ગુજરાત જાણીતા લેખક શ્રી દોલત ભટ્ટની નવલકથા "કૈકેયી" પર આધારિત અને ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત અને શ્રી સોહમ જાની દિગ્દર્શિત નાટક 'રાજમાતા કૈકેયી'નો સોમવારે રાત્રે નવ કલાકે ગાંધીનગરના મુખ્ય ટાઉન હૉલ ખાતે પ્રિમીયર શૉ યોજાશે. જેમાં ગુજરાતભરના નાટ્ય ડિસ્ટ્રીબ્યૂટરો, આયોજકો, મહાનુભાવો, કલાકારો ઉપસ્થિત રહેશે.

આ અદભુત નાટકમાં વિશ્વમાં સૌ પ્રથમવાર ભગવાન શ્રી કૃષ્ણના મૂખે કૈકેયીના સાહસ, શૌર્ય, ત્યાગ, સમર્પણ, નિષ્ઠા અને રાષ્ટ્રભક્તિની ગાથા સાંભળવા અને જોવા મળશે. ભવ્ય સેટ, ક્લાસિક સંગીત અને વિશિષ્ટ પ્રકાશ આયોજન આ નાટકના તમામ દશ્યોને જીવંત બનાવશે

આ નાટકના લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટે જણાવ્યું કે "આજસુધી કૈકેયી આપણા સૌના માનસમાં એક કલંકિની માતા અને સ્વાર્થી સ્ત્રી તરીકેની ઓળખ ધરાવે છે. પરંતુ કૈકેયીએ મહારાજ દશરથ પાસે માંગેલા બે વચન પાછળનું સત્ય આજસુધી કોઈ જાણતું નથી. એ સત્ય અમો આપની સમક્ષ આજે રજુ કરવાના છીએ. અમારો ઉદેશ્ય અહીં રામાયણની કથા કરવાનો નથી. આ કથા ભલે પૌરાણિક હોય પરંતુ ધર્મ અને ઈતિહાસનાં સંદર્ભે કેટલાક સત્ય આ કથા સાથે સંકળાયેલા છે. જેનું મૂળ તો રામાયણ છે જેનું ફિલ્મીકરણ અને નાટ્યમંચન વર્ષોથી થતું રહ્યું છે. પરંતુ અહીં પ્રસ્તુત કૈકેયી કલંકિની નહીં પણ પરાક્રમી, પ્રચંડશક્તિના પ્રેરક, દૂરદષ્ટા, ચાતુર્ય અને સાહસથી ભરપુર છે, પોતાના રાષ્ટ્ર માટે પતિના પ્રાણનું બલિદાન, કદી ના ભૂંસાય એવું કલંક અને માતૃત્વ અને પત્નીત્વની પરવા ના કરે પણ જનહિતને સર્વોપરિ માનીને જીવતા કૈકેયી અહીં એક રાજમાતાના રૂપમાં પ્રસ્તુત થાય છે."

આ નાટકમાં ભૂમિકા બ્રહ્મભટ્ટ (કૈકેયી) નિલેશ બ્રહ્મભટ્ટ, પ્રતીક વારિયા, મનીષા દાસ, ફાલ્ગુન નંદા, સાહિલ શેખ, નીરવ વૈદ્ય, રોનક સોની, ધ્રુવ કાનાબાર, મુશ્કાન પટેલ, કિંજલ પંચાલ, જીગર બરાસરા, ઉર્વિશ ગજ્જર વગેરે કલાકારો પોતાના અભિનય દ્વારા પ્રેક્ષકોને પાંચ હજાર વર્ષના અતીતમાં લઈ જશે, સંગીત નિયોજન જયમીન ત્રિવેદી, પ્રકાશ આયોજન મયુર ભાટિયા તથા નેપથ્યમાં સમર ચૌધરી, જૈનુલ અંસારી, રણબીર, હસમુખ શ્રીમાળીએ પોતાની સેવાઓ આપી છે. આ પ્રિમીયર શૉના પ્રવેશ પાસ મર્યાદિત સંખ્યામાં હોવાથી નાટકમાં રસ ધરાવતા હોય તેઓએ પાસ મેળવવા ડૉ. કનૈયાલાલ ભટ્ટ ( ૯૪૨૬૦ ૬૦૬૦૧ ) નો સંપર્ક કરવો. આ પ્રથમ શૉ વિનામૂલ્યે યોજાયેલ છે ત્યારબાદ આ નાટકના ટિકિટ શો થશે. શૉના આયોજન માટે પણ ડૉ. ભટ્ટનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

### ચીનના સૌથી વધુ ૩૭૭૦૭૦ વિદ્યાર્થીઓ

# અમેરિકાની યુનિવર્સિટીઓમાં બે લાખ ભારતીય વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૫

અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઓમાં ચીન બાદ સૌથી વધુ ભારતના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ટ્રેન્ડ્સ અંગે જારી થયેલા દ્વિવાર્ષિક રિપોર્ટ મુજબ અમેરિકી યુનિવર્સિટીઓમાં ૨,૧૧,૭૦૩ ભારતીય વિદ્યાર્થીઓ ભણે છે જ્યારે ચીનના સૌથી વધુ ૩,૭૭,૦૭૦ વિદ્યાર્થીઓ ભણે છે.

આ અંગે માર્ચ, ૨૦૧૭ થી માર્ચ, ૨૦૧૮ સુધીના રિસર્ચ પર આધારિત રિપોર્ટ મુજબ અમેરિકામાં એકેડેમિક અને પ્રોફેશનલ કોર્સ કરી રહેલા સ્ટુડન્ટ્સમાં સૌથી વધુ ૪૯ ટકા વિદ્યાર્થી ચીન કે ભારતના છે. અમેરિકામાં અભ્યાસ માટે આ બન્ને દેશોના વિદ્યાર્થીઓની રુચિ સતત વધી રહી છે.રિપોર્ટ મુજબ અમેરિકામાં આ ગાળામાં ચીન અને ભારતના વિદ્યાર્થીઓની સંખ્યા એક અને બે ટકા વધી છે.

ચીનના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬૩૦૫ અને ભારતના વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૩૫૬નો વધારો થયો છે. જોકે, એશિયામાંથી અમેરિકા જતા સ્ટુડન્ટ્સની કુલ સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. અમેરિકી ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટની હોમલેન્ડ સિક્યોરિટી ઈન્વેસ્ટિગેશન્સના સ્ટુડન્ટ એન્ડ એક્ષ્ચેન્જ વિઝિટર પ્રોગ્રામ શીર્ષક સાથે જારી રિપોર્ટ મુજબ અમેરિકી યુનિવર્સિટીઓમાં ભણતા કુલ વિદેશી વિદ્યાર્થીઓમાં ૭૭ ટકા એશિયાના છે.

સાંસ્કૃતિક આદાન-પ્રદાન હેઠળ અપાતા જે-૧ વિઝા અંતર્ગત આવતા લોકોની સંખ્યા ૨૦૧૪૦૮ થી ૪ ટકા વધીને ૨૦૯૫૬૮ થઈ છે.આ રિપોર્ટથી જાણવા મળે છે કે અમેરિકામાં ભણવા આવતા મુસ્લિમ બહુમતીવાળા દેશોના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે. જોકે, આ મામલે પાકિસ્તાન અપવાદ છે. સાઉદી અરેબિયાના ૯૯૭૧ દક્ષિણ કોરિયાના ૫૪૮૮ અને યમનના ૩૯૬ વિદ્યાર્થી ઘટ્યા છે જ્યારે પાકિસ્તાનના ૪૪૮, મ્યાંમારના ૨૦૬ અને કંબોડિયાના ૧૦૯ વિદ્યાર્થી વધ્યા છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# બાળ-કિશોર વાચકોને વાંચવી ગમે તેવી સાહસકથા 'ત્રણ તોખારનો તરખાટ'

### 'ત્રણ તોખારનો તરખાટ' બાળવાર્તાકાર અને પત્રકાર નટવર ગોહેલની ગીચ ભેંકાર અડાબીડ જંગલમાં સતત ઉત્સુકતા વધારતી આગવા વિષયના તાણાવાણા ગૂંથી રસતરબોળ કરવા સક્ષમ એવી સાહસ કથા છે




બાળ સાહિત્યમાં જેટલું બાળવાર્તાઓ, કવિતાઓ અને બાળગીતોનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. તેથી અધિક બાળકિશોરોને પ્રિય એવી સાહસકથાઓનું પણ હવે પછી શું થશે ? તેવા પ્રશ્નો જગાવનારી છતાં સરળ ભાષામાં લખાયેલી સાહસ કથાઓ બાળ, કિશોર વાચકો વધુ પસંદ કરતા હોય છે.

'ત્રણ તોખારનો તરખાટ' બાળવાર્તાકાર અને પત્રકાર નટવર ગોહેલની ગીચ ભેંકાર અડાબીડ જંગલમાં સતત ઉત્સુકતા વધારતી આગવા વિષયના તાણાવાણા ગૂંથી રસતરબોળ કરવા સક્ષમ એવી સાહસ કથા છે. જે પચીસ જેટલાં પ્રકરણોમાં સતત આગળ વધે છે. સુંદર છપાઈકામ સાથે દરેક પ્રકરણમાં પ્રસંગને અનુરૂપ રેખાચિત્રો દ્વારા વાચકને જકડી રાખવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ કથાના સાહસિકો પલાશ, વિશ્વાસ અને વિશ્વા સરખી ઉંમરના કિશોર વયનાં બાળકો છે. જે અડાબીડ જંગલમાં જઈને જે પ્રકારનું અભિમાન ચલાવે છે તે આગવું, અનોખું અને અનેરું છે.

પલાશ, વિશ્વાસ અને વિશ્વા ભેંકાર જંગલમાં શું કામ ગયાં ? સાહસભર્યું અભિયાન શું કામ શરૂ કરવું પડ્યું ? ત્રણ કિશોર-કિશોરીનો જંગલમાં જવાની મંજૂરી કોણે આપી ? આ અભિયાન કોની સામે હતું ? શા માટે હતું ? આવા અનેકવિધ પ્રશ્નો બાળ-કિશોર વાચક સમક્ષ ઊભા થાય એ સ્વાભાવિક છે. તે માટે આ પુસ્તક વાંચવાનું શરૂ કરતાં અંત સુધીમાં આખુંય સાહસભર્યું ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે.

બાળ-કિશોર માનવ સદૈવ સાહસવૃત્તિને પોષક હોય છે. આ અવસ્થા સાથે જિજ્ઞાસા અને કુતૂહલતા પણ જોડાયાં હોય છે. જેના પરિણામે કશુંક નવતર વાંચવાની લાગણી બળકટ બની જતી હોય છે. આ સાહસ કથા વાચકના મ નમાં અપ્રતિમ-અપૂર્વ ભાવ જગાડી અત્યંગ રસપ્રચૂરતાના પ્રવાહને વેગવંત બનાવે છે. હાલના ધોમધખતા તાપમાં વૅકેશનના સમયનો સદુપયોગ કરવા ઈચ્છતાં બાળ વાચકોને આવું વાંચવાનું ગમે છે.

નાનાં નાનાં સુંદર સરળ વાક્યો, ટૂંકાં છતાં સચોટ વર્ણનો, જિજ્ઞાસાપ્રેરક પ્રસંગો અને બાળ-કિશોર વાચકોને પોતે સાહસમાં સાથે હોય તેવી ભાષાશૈલીમાં રજૂ થયેલ આ કથા દરેક પ્રકરણે ઉત્સુકતા જગાડી એક બેઠકે વાંચીને પૂરી કરવાનું મન થાય તેવો તેનો વાર્તાપ્રવાહ વાચકને પ્રથમ પ્રકરણથી અંત સુધી ગતિવંત રાખે છે.

વાર્તાના જીવંત સંવાદો, જંગલનું આબેહૂબ વર્ણન અને એક પછી એક ઘટનાના તાણાવાણા દ્વારા વાચકને જકડી રાખવાની લેખકની કુનેહ કાબિલેદાદ છે. આ બધી જ બાબતોથી બાળવાર્તાના લેખક તરીકે ખૂબ જ ઘડાયેલા અને બાહોશ કલમકાર તરીકે આપણને જકડી રાખવામાં સફળ થતા હોય તેમ લાગ્યા વિના રહેતું નથી.

'ત્રણ તોખારનો તરખાટ' સાહસ કથાના લેખક નટવર ગોહેલનું આ પુસ્તક ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે.

વૅકેશનના ગાળામાં બાળ-કિશોર વાચકોને ગમી જાય તેવું આ પુસ્તક આપવા બદલ લેખક અને પ્રકાશકને હાર્દિક અભિનંદન પાઠવું છું.

ત્રણ તોખારનો તરખાટ (સળંગ સાહસકથા)
લેખખ : નટવર ગોહેલ
પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ
કિંમત : રૂા. ૩૬૦
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭

**- નટવર હેડાઉ**